ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

# ગુજરાતમાંઆર્થિક આંતરમાળખાકીય સવલતોના વિકાસની સ્થિતિનો એક અભ્યાસ

**Amin F Khalifa**
PH.D Scholar
Economics Department
Saurashtra University
Rajkot

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

## Abstract:-

આંતરમાળખાકીય સવલતો એ વિકાસમાટેની મહત્વની અને પાયાની સવલતો કહી શકાય. આ સુવિધાઓનો વિકાસનાઅભાવે અન્ય વિકાસપણઅવરોધાય છે એટલે સૌ પ્રથમ જે-તે પ્રદેશોમાંમાળખાકીય સવલતોનો વિકાસકરી અને મૂળભુત સુવિધાઓ પોતાનાનાગરિકોને પૂરી પાડીને વિકાસને આગળવધારી શકાય છે. આવી સુવિધાઓમાંઆર્થિક અને સામાજીકસવલતો નો સમાવેશ થાય છે. જેમાંવાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, રેલ્વે, રસ્તા, વીજળી, પાણી, બેંકિગ, શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. ગુજરાતરાજયમાંતાજેતરમાંઆતમામ સુવિધાઓનો સારો એવો વધારો થઇ રહયો છે. જેના પરિણામે ગુજરાતરાજયનો વિકાસખુબઆગળવધી રહયો છે. પ્રસ્તુતઅભ્યાસમાંસમગ્ર ગુજરાતમાંછેલ્લા એક-બે વર્ષદરમિયાનઆર્થિક આંતરમાળખાકીય સુવિધાઓનું પ્રમાણ કેવુંરહયું છે તેના વિશે ચર્ચા કરવામાંઆવેલ છે.

**પ્રસ્તાવના:-**

કોઇ પણરાષ્ટ્રની સમૃદ્ધિ આંતરમાળખાકીય સવલતોના વિકાસપરઆધારરાખે છે.કૃષિ અને ઔધોગિક વિકાસ મુખ્યત્વે આંતરમાળખાકીય સવલતો પરઆધારરાખે છે. આંતરમાળખામાં મુખ્ય બે ખ્યાલો છે.(૧) આર્થિક આંતરમાળખું અને (૨) સામાજીકઆંતરમાળખું. આર્થિક આંતરમાળખામાં વીજળી, રસ્તા, વાહનવ્યવહાર, સંદેશાવ્યહાર, પાણી, બેંકિગ,વીમો વગેરેનો સમાવેશ થાય છે. સામાજીકઆંતરમાળખામાંપાયાની સુવિધાઓ જેમ કે શિક્ષણ અને આરોગ્ય વગેરેનો સમાવેશ થાય છે. ભારતને ઝડપી આર્થિક વિકાસ અને સામાજીક વિકાસમાટે બંને વિકાસની જરૂર છે. ગુજરાતમાંપણઆ બંન્ને પ્રકારની સુવિધાઓનો વિકાસથાય એ જરૂરી છે. આંતરમાળખાકીય સવલતોનો વિકાસથવાથી અન્ય પ્રશ્નો પણ હલ થઇ શકે એમ છે.

**ચાવીરૂપ શબ્દો:-** આર્થિક આંતરમાળખું, ગુજરાતરાજય.

**માહિતીની પ્રાપ્તિઃ-**

પ્રસ્તુત સંશોધન પેપર મુખ્યત્વે ગૌણ માહિતી ઉપરઆધારિત હોવાથી જરૂરી તમામમાહિતી સામયિકો, મેગેઝીનો, સામાજીક અને આર્થિક સર્વે(ગુજરાત), વર્તમાન પત્રો, સંશોધનપત્રો, અને માહિતીનો મહત્વનો સ્ત્રોત ઈન્ટરનેટ વગેરેમાંથી મેળવવામાંઆવી છે.

**હેતુઃ-**


- ગુજરાતરાજયમાંઆર્થિક આંતરમાળખાના વિકાસનો અભ્યાસકરવો.
- આંતરમાળખાના વિવિધ ક્ષેત્રોનો વિકાસતપાસવો.

**વિદ્યુતઃ-**

ગુજરાતરાજયે વીજ ક્ષેત્રની સુધારણામાટે ઘણાપગલાં લીધેલ છે અને ગુજરાત વિદ્યુત બોર્ડની વીજ ઉત્પાદન, વીજ પ્રવહન અને વિતરણની પ્રવૃતિઓનામાળખામાં ફેરફારકરીને નિગમીકરણ/ વિભાગીયકરણકરેલ છે. જે મુજબ ૧લી એપ્રિલ,૨૦૦૫થી ગુજરાત વિદ્યુત બોર્ડનું ૭ કંપનીઓમાં વિભાગીયકરણકરવામાંઆવેલ છે તેમજ વીજ વિતરણને સંલગ્ન ૪ કંપનીઓ જેવી કે, મધ્ય ગુજરાત વીજ કંપની લી.(MGVCL), દક્ષિણગુજરાત વીજ કંપની લી.(DGVCL), ઉત્તરગુજરાત વીજ કંપની લી.(UGVCL), પશ્ચિમગુજરાત વીજ કંપની લી.(PGVCL) કાર્યરતકરવામાંઆવેલ છે.

રાજયની પરંપરાગતસ્ત્રોતની વીજ સ્થાપિતક્ષમતા ૩૧મી માર્ચ ૨૦૧૭ના રોજ કુલ ૧૯૮૮૮ મે.વો. હતી જે પૈકી ગુજરાતરાજયની વીજ કોર્પોરેશન લી.ની ૫૯૯૭ મે.વો., રાજયનાસ્વતંત્ર વીજ ઉત્પાદકોની ૨૬૦૪ મે.વો., ખાનગી વીજ ઉત્પાદકોની ૭૨૦૭ મે.વો. અને કેન્દ્રની ૪૦૮૦ મે.વો., તેમજવર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ૮૪૦ મે.વો. વીજ ક્ષમતાને બિનકાર્યન્વિતકરવામાંઆવેલ છે.

| વીજળીનુંઉત્પાદન (મીલીયન યુનિટમાં) | | | |
|---|---|---|---|
| વર્ષ | જીએસઇસીએલ | ખાનગી ક્ષેત્ર | કેન્દ્રિય ક્ષેત્ર |
| ૨૦૧૬-૧૭ | ૧૬૨૫૪ | ૬૦૫૩૦ | ૨૭૫૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૧૯૨૨૫ | ૬૧૪૩૩ | ૨૨૪૮૦ |
| ૨૦૧૪-૧૫ | ૨૧૪૧૫ | ૫૫૯૪૫ | ૧૯૨૭૬ |
| ૨૦૧૩-૧૪ | ૧૫૮૫૦ | ૫૩૧૦૩ | ૧૭૨૬૮ |
| ૨૦૧૨-૧૩ | ૨૩૬૩૧ | ૪૯૩૩૮ | ૧૪૭૫૪ |




સ્ત્રોતઃ- સામાજીક અને આર્થિક સમીક્ષા ગુજરાતરાજય ૨૦૧૭-૧૮

## વીજવપરાશ


| વર્ષ | વિભાગ | ટકાવારી |
|---|---|---|
| | ઔધોગિક ક્ષેત્ર | ૫૧.૧૬ % |
| | ખેતી ક્ષેત્ર | ૨૨.૫૦ % |

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

| | | |
|---|---|---|
| **૨૦૧૬-૧૭** | જાહેર દિવાબત્તી અને વોટરવર્ક્સ | ૨.૯૩ % |
| | રેલ્વે | ૦.૦૯ % |
| | વાણિજ્યક | ૨.૫૦ % |
| | ઘરગથ્થુ | ૧૭.૮૩ % |
| | અન્ય | ૨.૯૯ % |

સ્ત્રોતઃ- સામાજીક અને આર્થિક સમીક્ષા ગુજરાતરાજય ૨૦૧૭-૧૮




**રસ્તા અને વાહનવ્યવહારઃ-**

**રેલવેઃ-**

ગુજરાતમાં રેલ્વે લાઇનની કુલ લંબાઇ, ૩૧મી માર્ચ ૨૦૧૬ નારોજ, ૩૫૦૬.૫૫ કિ.મી.બ્રોડગેજ, ૧૧૯૩.૦૪ કિ.મી. મીટરગેજ અને ૫૫૮.૯૦ કિ.મી.નેરોગેજ રેલવે લાઇન મળીને કુલ ૫૨૫૮.૪૯ કિ.મી. હતી.

**રસ્તાઃ-**

વર્ષ ૨૦૧૪-૧૫ના અંતે ૮૦૫૮૨ કિ.મી. નાકુલરસ્તાઓ પૈકી ૪૧૭૯ કિ.મી. રાષ્ટ્રીય ધોરીમાર્ગો, ૧૭૯૪૧કિ.મી. રાજય ધોરીમાર્ગો, ૫૦૪૫૪ કિ.મી.મુખ્ય જીલ્લામાર્ગો, ૧૦૨૫૨ કિ.મી. અન્ય જિલ્લામાર્ગો અને ૨૭૭૫૬ કિ.મી. ગ્રામ્યમાર્ગોની લંબાઇહતી.

**મોટરવાહનો:-**


રાજયમાંનોંધાયેલ મોટરવાહનોની સંખ્યા વર્ષ ૨૦૧૫-૧૬માં ૨૦૩.૬૧ લાખથી વધીને વર્ષ ૨૦૧૬-૧૭ના અંતે ૨૨૦.૩૭ લાખહતી. રાજયમાંવર્ષ ૨૦૧૭-૧૮(નવેમ્બર, ૨૦૧૭ અંતિત) દરમ્યાન ૨૨૮.૪૦ લાકવાહનો નોંધાયેલ છે. કુલનોંધાયેલ વાહનો પૈકી લગભગ ૭૩.૨૦ ટકાવાહનો મોટરસાયકલ વર્ગના (દ્વિચક્રી) વાહનો છે. મોટરસાયકલ/ સ્કૂટર/ મોપેડની સંખ્યા ૧૬૭.૨૦ લાખનોંધાયેલ છે.ત્રણ પૈડાવાળા અને ચાર પૈડાવાળાવાહનોના પ્રકારમાંઓટોરીક્ષાની સંખ્યા ૭૭૭૯૮૬, મોટરકાર (જીપ સહિત) ની સંખ્યા ૨૮૫૪૮૯૩, માલવાહકવાહનો (ટેમ્પો સહિત) ની સંખ્યા ૧૦૯૯૮૩૮, ટ્રેઇલર્સની સંખ્યા ૩૮૦૪૨૫ અને ટ્રેક્ટરોની સંખ્યા ૭૧૫૩૯૭ નોંધાયેલ છે.

**એક લાખની વસતિએ નોંધાયેલ મોટરવાહનો-ગુજરાત**

| વર્ષ | મોટરવાહનોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૩૩૪૭૯ |
| ૨૦૧૫-૧૬ | ૩૧૩૨૫ |
| ૨૦૧૪-૧૫ | ૨૯૧૬૦ |
| ૨૦૧૩-૧૪ | ૨૬૯૫૮ |
| ૨૦૧૨-૧૩ | ૨૫૨૩૬ |

સ્ત્રોતઃ- સામાજીક અને આર્થિક સમીક્ષા ગુજરાતરાજય ૨૦૧૭-૧૮

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal




**નાગરિકઉડ્ડયન:-**

ગુજરાતમાંઆંતરરાષ્ટ્રીય અને આંતરિકહવાઈમથકોએ થયેલ વિમાનઉડ્ડયનમાંગતવર્ષની સરખામણીએ વર્ષ ૨૦૧૬-૧૭ માં ૯.૯૩ ટકાનો વધારો થયેલ છે. મુસાફરોની સંખ્યા વર્ષ ૨૦૧૫-૧૬માં ૮૧.૯૦ લાખહતી જે વધીને વર્ષ ૨૦૧૬-૨૧૭માં ૯૩.૭૫ લાખથયેલ છે અને માલસામાનની હેરફેર વર્ષ૨૦૧૫-૧૬ ૭૦.૧૯ હજારટનહતી જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭ માં ૭૯.૯૦હજાર ટનથયેલ છે.

**બંદરોનો વિકાસ:-**

ગુજરાત મેરીટાઇમ બોર્ડની સ્થાપના ૧૯૮૨માંગુજરાત મેરીટાઇમ બોર્ડકાયદો-૧૯૮૧ હેઠળકરવામાંઆવી હતી. જેનો હેતુરાજયના બંદર ક્ષેત્રનો વિકાસ અને નિયમનકરવાનો હતો. મધ્યમ અને નાના બંદરો દ્વારા હેરફેર થયેલ કુલમાલનો જથ્થો વર્ષ ૨૦૧૬-૧૭ માં ૩૪૫૭.૩૯ લાખટનહતો, જે વર્ષ ૨૦૧૭-૧૮(નવેમ્બર,૨૦૧૭ સુધીમાં) ૨૪૧૬.૯૪ લાખટનથયેલ છે. રાજયની બંદરનીતિની લાક્ષણિકતા પૈકી, રાજયના ૧૦ ગ્રીનફીલ્ડ બંદરોને અલગતારવીને તેનો વૈશ્વિક ધોરણો મુજબનો વિકાસકરવાનો હેતુ છે.

**ટપાલ અને સંદેશાવ્યવહાર :-**

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

૩૧મી માર્ચ ૨૦૧૭ના રોજ રાજયમાં ૮૯૮૪ ટપાલકચેરીઓ/શાખાઓ કાર્યરતહતી જે ઓકટોબર-૨૦૧૭ સુધીમાંટપાલકચેરીઓ/શાખાઓમાંકોઈ ફેરફારથયેલ નથી.

**બેન્કિંગ:-**

**શાખા વિસ્તરણ:-** રાજયમાં ૨૦૧૬-૧૭ દરમ્યાન, કુલ બેંક શાખાઓની સંખ્યા માર્ચ ૨૦૧૬માં જે ૯૦૧૭ હતી તેમાં ૩૦૮નો વધારો થઇ માર્ચ, ૨૦૧૭માં ૯૩૨૫ થયેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮માં સપ્ટેબરમાં,૨૦૧૭ સુધીમાંકુલ ૯૮૫૦ શાખાઓ થયેલ છે.

**ગુજરાતરાજયમાં બેંન્કિંગ એક નજર- માર્ચ, ૨૦૧૭**

| **માપદંડ** | **માર્ચ, ૨૦૧૬** | **માર્ચ, ૨૦૧૭** | **ગતવર્ષસામે થયેલ ફેરફાર** |
|---|---|---|---|
| **કુલશાખાઓની સંખ્યા** | ૯૦૧૭ | ૯૩૨૫ | ૩૦૮ |
| **શાખાઓનું વર્ગીકરણ** | | | |
| ગ્રામીણ | ૩૭૧૮ | ૩૬૬૩ | (-) ૫૫ |
| અર્ધ-શહેરી | ૨૧૧૯ | ૨૨૧૭ | ૯૮ |
| શહેરી | ૧૨૧૧ | ૧૩૧૭ | ૧૦૬ |
| મોટા શહેરો | ૧૯૬૯ | ૨૧૨૮ | ૧૫૯ |
| **મહત્વનાનિર્દેશકો** | | **(રૂ.કરોડમાં)** | |
| થાપણો | ૫૩૮૧૩૩ | ૬૨૩૭૮૭ | ૮૫૬૫૪ |
| ધિરાણ | ૪૩૧૫૪૧ | ૪૬૦૦૩૦ | ૨૮૪૮૯ |
| ધિરાણથાપણદર (ટકા) | ૮૦.૧૯ | ૭૩.૭૫ | (-) ૬.૪૪ |
| પ્રાથમિકતાવાળા ક્ષેત્રોને ધિરાણ | ૧૮૩૯૨૭ | ૨૨૦૨૧૭ | ૩૬૨૯૦ |
| ખેતી ક્ષેત્રે ધિરાણ | ૬૧૪૩૮ | ૭૨૨૧૨ | ૧૦૭૭૪ |
| નાનાપાયાનાઉદ્યોગને ધિરાણ | ૮૩૦૮૪ | ૮૭૨૭૨ | ૪૧૮૮ |

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

| | | | |
|---|---|---|---|
| નબળાવર્ગોને ધિરાણ | ૩૦૫૩૪ | ૩૫૯૦૧ | ૫૩૬૭ |
| **ના અંતે ઇસ્યુકરેલ ખેડૂત ધિરાણકાર્ડ** | | | |
| ખાતાની સંખ્યા | ૨૯૪૧૫૪૪ | ૨૯૨૬૮૮૯ | (-) ૧૪૬૫૫ |
| રકમ (રૂ. કરોડમાં) | ૩૧૯૮૭ | ૩૫૬૪૮ | ૩૬૬૧ |
| અન્ય ધિરાણ સહિત | | | |

સ્ત્રોતઃ- સામાજીક અને આર્થિક સમીક્ષા  ગુજરાતરાજ્ય ૨૦૧૭-૧૮

**તારણોઃ-**

- ગુજરાતરાજ્યમાં ૨૦૧૨-૧૩ થી ૨૦૧૬-૧૭ના સમયગાળાદરમિયાન વીજળીના ઉત્પાદનમાંવધારો થઇ રહયો છે.
- ગુજરાતરાજ્યમાં વીજ વપરાશમાંપણ વિવિધ ક્ષેત્રોમાં વીજળીની માંગમાંવધારો થઇ રહયો છે જેમાંસૌથી વધારે વીજ વપરાશઔધોગિક ક્ષેત્ર કરે છે જેનુંકારણગુજરાતરાજ્યમાંથયેલ ઔધોગિક વિકાસગણી શકાય.
- ગુજરાતરાજ્યમાં રેલવે, રસ્તા, મોટરવાહનોની સંખ્યા, નાગરિકઉડ્ડયન સેવા, બંદરોનો વિકાસપણ દિન-પ્રતિદિનવધતી જાય છે જેનુંકારણ છેવસ્તી જેમ જેમ વધે તેમ તેમ આ સુવિધાઓની માંગ પણવધતી હોય છે.
- રાજ્યમાંટપાલ અને સંદેશાવ્યવહાર સેવાઓનો  પણવ્યાપવધતો જાય છે.
- ગુજરાતરાજ્યમાં બેંકિગ ક્ષેત્રે પણ સારી પ્રગતિ જણાય છે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાંશાખાઓ વિસ્તરે છે તેમજ ધિરાણ અને થાપણોનું પ્રમાણપણવધતુજણાય છે જે એક પ્રગતિકારકગણી શકાય.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

**સમાપન:-**

આમ આંતરમાળખાકીય સવલતો કોઈપણરાજયના વિકાસમાંમહત્વની ગણાય છે તેના વિકાસપછી જ બીજી બધી પ્રવૃત્તિઓના વિકાસનો આરંભ થઇ શકે છે. જે રાજયમાંઆવી સુવિધાઓનો વિકાસવધારે થયો હશે ત્યાં બીજી આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસપણઝડપથી થઈ રહયો હશે.રાજયમાંઆવી સુવિધાઓના વિકાસથી જ દેશમાંઆર્થિક વિકાસની ગતિ ઝડપી બને છે.દરેક દેશ હવે આર્થિક અને સામાજીકઆંતરમાળખાકીય સવલતોના વિકાસપરભારઆપતુંથયું છે.

**સંદર્ભસૂચિ:-**

૧. સામાજીક અને આર્થિક સમીક્ષા ગુજરાતરાજ્ય ૨૦૧૭-૧૮
૨. વર્તમાન પત્રો
૩. પરમાર, બી.ડી. (૨૦૦૫), આર્થિક વૃધ્ધિ અને વિકાસનુંઅર્થશાસ્ત્ર, અમદાવાદ: સી.જમનાદાશ કંપની